રહેમરાહે યોજના હેઠળ નિમણૂંક પામેલ વિધવા મહિલા કર્મચારીઓને (ઉચ્ચતર પગાર ધોરણ મંજૂર કરવા માટે) કોમ્પ્યુટર જ્ઞાનની સીસીસી પરીક્ષામાંથી મુક્તિ આપવા બાબત.

ગુજરાત સરકાર
સામાન્ય વહીવટ વિભાગ
ઠરાવ ક્રમાંક:રહમ/૧૦૨૦૧૬/૨૮૧/ક
સચિવાલય, ગાંધીનગર
તારીખ:૧૬/૦૬/૨૦૧૬

વંચાણે લીધા :

(૧) સા.વ. વિભાગનાં તા:૩૦-૯-૨૦૦૬ના જા.ના.મા ક્રમાંક:ગસ/૨૦૦૬૩૧/ખતપ/૧૦૨૦૦૫/૧૫૧૯/ક
(૨) સામાન્ય વહીવટ વિભાગનાં તા:૩૦-૯-૨૦૦૬નો ઠરાવ ક્રમાંક:પરચ/૧૦૨૦૦૫/ ૧૫૩૨/ક

૧. વંચાણમાં લીધેલ ક્રમાંક.(૧) પરનાં સામાન્ય વહીવટ વિભાગનાં તા.૩૦-૯-૨૦૦૬ના જાહેરનામાથી કોમ્પ્યુટર કૌશલ્ય તાલીમ અને પરીક્ષા નિયમો બહાર પાડવામાં આવેલાં છે. અને તદ્અન્વયે વંચાણમાં લીધેલા ઠરાવ ક્રમાંક: (૨) પરનાં સામાન્ય વહીવટ વિભાગનાં તા.૩૦-૯-૨૦૦૬નાં ઠરાવથી કોમ્પ્યુટર કૌશલ્યની તાલીમ અને પરીક્ષા માટેની કાર્યપધ્ધતિ નક્કી કરવામાં આવી છે. આ નિયમો મુજબ સીધી ભરતીથી નિમણૂંક મેળવવા માટે ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી(સામાન્ય) નિયમો,૧૯૬૭ની જોગવાઇ મુજબ કોમ્પ્યુટર જ્ઞાનની લાયકાત જરૂરી છે. તે જ રીતે ઉપરના સંવર્ગમાં બઢતીથી નિમણૂંક મેળવવા માટે અથવા ઉચ્ચતર પગાર ધોરણ મેળવવા ગુજરાત મુલ્કી સેવા કોમ્પ્યુટર કૌશલ્ય તાલીમ અને પરીક્ષા નિયમો,૨૦૦૬ની જોગવાઈ મુજબ "CCC" પરીક્ષા પાસ કરી હોવી જરૂરી છે.

૨. રાજય સરકાર દ્વારા તા. ૧-૧૦-૨૦૦૬થી કોમ્પ્યુટર કૌશલ્ય તાલીમ અને પરીક્ષા નિયમો અમલમાં મુકવામાં આવેલછે. જેમાં બઢતી /ઉચ્ચતર પગાર ધોરણની પાત્રતા માટે સી.સી.સી./સી.સી.સી. પ્લસ પરીક્ષા પાસ કરવાની જોગવાઈ રાખવામાં આવી છે. પરંતુ અગાઉની રહેમરાહે યોજના હેઠળ નિમણૂંક પામેલ સ્વ.કર્મચારીના વિધવા પત્નિ તેમના સામાજીક સંજોગોને કારણે કોમ્પ્યુટર કૌશલ્યની સી.સી.સી.ની પરીક્ષા પાસ કરવામાં અત્યંત મુશ્કેલી અનુભવે છે અને પરીક્ષા પાસ કરી ન શકવાને કારણે તેમને ૫૦ વર્ષની ઉંમર થાય તે પહેલા બઢતી /ઉચ્ચતર પગાર ધોરણની અન્યથા પાત્રતા હોવા છતાં તેનો લાભ મળતો નથી. સ્વ.કર્મચારીનાં વિધવાની બાળકોની જવાબદારી તથા અન્ય સામાજીક જવાબદારીઓને કારણે તેઓ પરીક્ષા પાસ કરી શકતા નથી આથી રહેમરાહે નિમણૂંક પામેલ વિધવા મહિલા કર્મચારીઓને કોમ્પ્યુટર કૌશલ્યની સી.સી.સી. પરીક્ષામાંથી મુક્તિ આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.સક્રિય વિચારણાને અંતે સરકાર નીચે પ્રમાણે ઠરાવે છે.

-::ઠરાવ::-

રહેમરાહે યોજના હેઠળ નિમણૂંક પામેલ વિધવા મહિલા કર્મચારીઓ તેમની સામાજીક જવાબદારીઓને કારણે કોમ્પ્યુટર કૌશલ્યની સી.સી.સી. પરીક્ષા પાસ કરી શકતા નથી આથી રહેમરાહે યોજના હેઠળ નિમણૂંક પામેલ

વિધવા કર્મચારી પુરતુ તેમને ગુજરાત મુલ્કી સેવા કોમ્પ્યુટર કૌશલ્ય પરીક્ષા અને તાલીમ નિયમો -૨૦૦૬થી નિયત કરાયેલ પરીક્ષા પાસ કરવામાંથી મુક્તિ આપવામાં આવે છે.

આ હુકમો સામાન્ય વહીવટ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર સરકારશ્રીની મળેલ મંજુરી અન્વયે પ્રસિધ્ધ કરવામાં આવે છે.

ગુજરાતનાં રાજ્યપાલશ્રીનાં હુકમથી અને તેમનાં નામે,

(ડી.બી.ઝાલા)
ઉપસચિવ
સામાન્ય વહીવટ વિભાગ
ગુજરાત સરકાર

પ્રતિ,

નામદાર રાજ્યપાલશ્રીના સચિવશ્રી,રાજભવન ગાંધીનગર.

માન. મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી,સચિવાલય, ગાંધીનગર.

સર્વે મંત્રીશ્રીઓ/રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓ/સંસદીય સચિવશ્રીઓનાં અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.

વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.

- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ.
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
- સચિવશ્રી, ગુજરાત તકેદારી પંચ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રિબ્યુનલ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર .

એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ.

પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.

નિવાસી તપાસણી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.

સચિવાલયના સર્વે વિભાગો ( તેમના તાબાના ખાતાના વડા તથા કચેરીઓના વડાને યોગ્ય સુચનાઓ મોકલવાની વિનંતી સહ)

કમિશ્નરશ્રી,માહિતી ખાતું,ગાંધીનગર,યોગ્ય જાહેરાત કરવાની વ્યવસ્થા કરાવાની વિનંતી સાથે.

સામાન્ય વહીવટ વિભાગનાં તમામ અધિકારીશ્રીઓ/શાખાઓ.

પસંદગી ફાઈલ.

- પત્ર દ્વારા.